વર્ષ ૨૦૦૯-૧૦ માટે વિદ્યાસહાયક વિજ્ઞાનપ્રવાહની ભરતી કરવા ખાસ ઝુંબેશ

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૨૦૦૯-૨૩૯૭૬૦-ક
સચિવાલય, ગાંધીનગર.
તા: / /૨૦૦૯
1 JUN 2009

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા.૧૧-૬-૯૮નો ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક
૨. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરની તા.૨-૫-૦૯ની સીંગલ ફાઈલ ક્રમાંક: ૮(ક-શાખા)

ઠ રા વ :-

શિક્ષણ વિભાગના સંદર્ભ(૧)માં દર્શાવેલ તા.૧૧-૬-૯૮ના ઠરાવ અન્વયે વિદ્યાસહાયક ભરતી યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. તે અન્વયે રાજયની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવે છે. આ વિદ્યાસહાયક યોજનામાં વિજ્ઞાન પ્રવાહ સાથે ધોરણ-૧૨ પાસ અને પી.ટી.સી. થયેલ ઉમેદવારોની ભરતી કરવા માટે અલગ જગ્યાઓ અનામત રાખેલ નથી.

વર્ષ ૨૦૦૯-૧૦નાં શૈક્ષણિક વર્ષથી રાજયમાં ધોરણ-૫, ૬ અને ૭ માં તાસ પધ્ધતિ અમલમાં મૂકવા સરકારશ્રીએ નિર્ણય કરેલ છે. આ તાસ પધ્ધતિમાં ધોરણ-૫ , ૬ અને ૭ માં ગણિત તથા વિજ્ઞાન વિષય શીખવવા અલગ શિક્ષકોની ભરતી કરવામાં આવતી નથી. રાજયની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૫, ૬ અને ૭ માં ગણિત અને વિજ્ઞાન વિષયને શૈક્ષણિક દૃષ્ટિએ ન્યાય આપી શકાય તે માટે વિદ્યાસહાયક ભરતીમાં વિજ્ઞાન પ્રવાહ સાથે ધોરણ-૧૨ પાસ અને પી.ટી.સી. પાસ થયેલ ઉમેદવારોની ભરતી કરવી આવશ્યક જણાયેલ છે. આ બાબતે સરકારશ્રીએ પુખ્ત વિચારણા કરી, નિર્ણય કરી, નીચે મુજબ ઠરાવેલ છે.

"શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦માં નવી ભરતી માટે ઉપલબ્ધ થનાર વિદ્યાસહાયકની કુલ જગ્યાઓ પૈકી ૫૦ ટકા જગ્યાઓ વિજ્ઞાન પ્રવાહ સાથે ધોરણ-૧૨ પાસ પી.ટી.સી. થયેલા ઉમેદવારોથી ભરવાની રહેશે. આ ૫૦ ટકાની જોગવાઈ માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦ પુરતી જ લાગુ પડશે. ત્યારબાદ સરકારશ્રી ધ્વારા જે ટકાવારી નિયત કરવામાં આવશે તે ટકાવારી લાગુ પડશે."

..૨..

આવા ઉમેદવારોની ભરતી અંગેની કાર્યવાહી શિક્ષણ વિભાગનાં તા.૧૧-૬-૯૮ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક માં આપેલ સુચનાઓ/ કરેલ જોગવાઈઓ અનુસાર કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

રવાના કર્યું
1 JUN 2009
સહી........

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- સિલેક્ટ ફાઈલ.